# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-04-2024 Midday : 1.20 to 1.30

Day : Morday National News

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

****************************************************

- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો જાહેર પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે – વિવિધ પક્ષના વરિષ્ઠ નેતાઓ મતદારોને રીઝવવા માટે એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે.
- પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે પક્ષના ચૂંટણી ઢંઢેરા સંકલ્પ પત્રનો હેતુ 140 કરોડ લોકોના સપનાને વાસ્તવિકતામાં બદલવાનો છે - કોંગ્રેસને જુઠ્ઠાણાભર્યો ગણાવ્યો
- ગુજરાતમાં આગામી લોકસભાની ચુંટણી માટે વિવિધ બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આજથી ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ કરશે
- આગામી ૨૯ જૂનથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે નોંધણીની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવશે..
- ભારતીય મહિલા પહેલવાન અંજુ અને હર્ષિતાએ એશિયન કુશ્તી ચેમ્પિયનશીપમાં રજત ચંદ્રક મેળવ્યો

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# KERALA--PM---STAR-CAMPAIGNERS-1

મુખ્ય રાજકીય પક્ષોના રાષ્ટ્રીય નેતાઓ આજે કેરળમાં ચૂંટણી પ્રચાર કરશે. રાજ્યમાં લોકસભાની ચૂંટણી બીજા તબક્કામાં 26 એપ્રિલે યોજાશે.

દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અલાથુર સંસદીય મતવિસ્તારના ચેરુવાત્તાની ખાતે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ઉમેદવાર ડો ટી એન સારાસુના સમર્થનમાં જાહેર સભાને સંબોધી. બાદમાં તેઓ કટ્ટકાડામાં જનસભાને સંબોધશે જ્યાં વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરન ભાજપના ઉમેદવાર છે. બપોરે શ્રી મોદી કોચી પરત ફરશે અને દિલ્હી જવા રવાના થશે. કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ ગુરુવારે કેરળ પહોંચીને પ્રચાર કરશે.

બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાહુલ ગાંધી આજે સાંજે કોઝિકોડમાં UDFની મેગા રેલીને સંબોધિત કરશે. તેઓ આજે અને આવતીકાલે વાયનાડ મતવિસ્તારમાં વિવિધ કાર્યક્રમોમાં પણ ભાગ લેશે .કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે 20 એપ્રિલે કેરળમાં અને 22 એપ્રિલે પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધી ચુંટણી પ્રવાસ પર હશે. એલડીએફના નેતાઓ સીતારામ યેચુરી, પ્રકાશ કરાત, બ્રિન્દા કરાત, સુભાશિની અલી અને તપન સેન પણ આ અઠવાડિયે ચૂંટણી પ્રચારમાં ઉતરવાના છે.

માર્ક્સવાદી કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ સીતારામ યેચુરી આજે કાસરગોડ અને કન્નુર સંસદીય ક્ષેત્રોમાં પ્રચાર કરશે. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના

પોલિટબ્યુરોના સભ્ય પ્રકાશ કરાત અને મહાસચિવ ડી રાજા આગામી દિવસોમાં કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ માટે પ્રચાર કરશે.

## ELECTION- AMIT SHAH

વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બપોરે મણીપુરના ઈમ્ફાલમાં ભાજપના ઉમેદવાર માટે પ્રચાર કરશે. તેઓ ઈમ્ફાલ ખાતે આયોજિત જાહેર સભાને સંબોધશે જેમાં મણિપુરના મુખ્યમંત્રી એન.બિરેન સિંહ, ભાજપ મણિપુર પ્રદેશ અધ્યક્ષ અને પાર્ટીના અન્ય નેતાઓ પણ હાજરી આપશે.

ઉલ્લેખનીય છે, ભાજપે આંતરિક મણિપુર સંસદીય મતવિસ્તારમાં પક્ષના ઉમેદવાર તરીકે થૌનાઓજમ બસંતકુમારને મેદાનમાં ઉતાર્યા જ્યારે બાહ્ય મણિપુર સંસદીય મતવિસ્તારમાં નાગા પીપલ્સ ફ્રન્ટ (NPF) ઉમેદવારને સમર્થન આપવાનું નક્કી કર્યું.

તો બીજી તરફ શ્રી શાહ આજે સાંજે રાજસ્થાનના જયપુરમાં રોડ શો કરશે. આ રોડ શો જયપુરની બાઉન્ડ્રી વોલની અંદર સાંગાનેરી ગેટથી છોટી ચોપર સુધી યોજાશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું છે કે શ્રી શાહ સિવાયભાજપના અન્ય ઘણા વરિષ્ઠ નેતાઓ અને કોંગ્રેસના નેતાઓ પણ આજે પ્રચાર કરશે.

## BJP CANDIDATE- NOMINATION

ગુજરાતમાં આગામી લોકસભાની વિવિધ બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આજે ઉમેદવારીપત્રો ભરવા જઇ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી

મનસુખ માંડવિયા પોરબંદરથી, અમદાવાદ પૂર્વના હસમુખ પટેલ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ચંદુભાઇ શિહોરા સુરેન્દ્રનગરથી આજે ઉમેદવારી પત્ર ભરી રહ્યાં છે. જયારે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા રાજકોટથી, સાબરકાંઠાના શોભનાબેન બારૈયા, ભાવનગરથી નિમુબેન બાંભણિયા, પાટણથી ભરતસિંહ ડાભી, બનાસકાંઠાથી રેખાબેન ચૌધરી, અમદાવાદ પશ્ચિમથી દિનેશ મકવાણા 16મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરશે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ નવસારીથી 18મી એપ્રિલે, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી 19મી એપ્રિલે ગાંધીનગરથી ઉમેદવારી પત્ર ભરશે.

કોંગ્રેસના બનાસકાંઠાના ઉમેદવાર ગેનીબેન ઠાકોર, સુરેન્દ્રનગરમાં ઋત્વિક મકવાણા, જામનગરમાં જે. પી. મારવીયા અને બારડોલીમાં સિદ્ધાર્થ ચૌધરી આજે ઉમેદવારીપત્ર ભરશે. 16મી એપ્રિલે કચ્છમાં નિતેશ લાલન, ગાંધીનગરમાં સોનલબેન પટેલ, સાબરકાંઠામાં તુષાર ચૌધરી, અમરેલીમાં જેનીબેન ઠુમ્મર, વલસાડમાં અનંત પટેલ, પોરબંદરમાં લલિત વસોયા અને છોટા ઉદેપુરમાં સુખરામ રાઠવા ઉમેદવારીપત્ર ભરશે.

## NAGPUR-VICEPRESIDENT-NADT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે નાગપુરમાં રાષ્ટ્રીય પ્રત્યક્ષ કરઅકાદમી ખાતે ભારતીય રેવન્યુ સર્વિસ-IRSની 76મી બેચના વિદાયસમારંભને સંબોધિત કરશે. આ બેચમાં 56 ભારતીય મહેસૂલ સેવા અધિકારીઓ અને બે રોયલ ભૂટાન સેવા અધિકારીઓનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય પ્રત્યક્ષ કર અકાદમી ખાતે, નાગપુર એ ભારત સરકારના આવકવેરા વિભાગના ભારતીય મહેસૂલ સેવા અધિકારીઓ માટે ટોચની તાલીમ સંસ્થા છે. ભારતીય મહેસૂલ સેવા અધિકારીઓની પસંદગી સંઘ લોક સેવા આયોગ દ્વારા સિવિલ સર્વિસ પરીક્ષા દ્વારા કરવામાં આવે છે. ઈન્ડિયન રેવન્યુ સર્વિસમાં સીધી રીતે ભરતી કરાયેલા અધિકારીઓ પોસ્ટિંગ કરતા પહેલા લગભગ 16 મહિના સુધી તાલીમ લે છે.

## ARMYCHIEF - UZBEKISTAN

સેનાના વડા જનરલ મનોજ પાંડે આજે ચાર દિવસની મુલાકાતે ઉઝબેકિસ્તાન જવા રવાના થયા છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે પરસ્પર સમજણ અને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને મજબૂત કરવાનો છે. તેઓ ઉઝબેકિસ્તાનના ટોચના સંરક્ષણ વડાઓ સાથે વાતચીત કરશે. મંત્રાલયે કહ્યું છે કે જનરલ મનોજ પાંડેની મુલાકાતનો એક ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે ભાગીદારીના નવા માર્ગોની શોધ કરવાનો છે.

## JAISHANKAR-ISRAEL-IRAN

વિદેશ મંત્રી ડૉ એસ જયશંકરે ઈરાની અને ઈઝરાયેલ સમકક્ષ સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. ઈરાનના વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દોલ્લાહિયન સાથે વાત કરતા, ડૉ. જયશંકરે 17 ભારતીય ક્રૂ સભ્યોની મુક્તિ અંગે ચર્ચા કરી હતી. ડૉ. જયશંકરે ઉગ્રતા ટાળવા, સંયમ રાખવા અને મુત્સદ્દીગીરી તરફ

પાછા ફરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઇઝરાયલી વિદેશીમંત્રી સાથે વાત કરતા, ડૉ. જયશંકરે આ ક્ષેત્રના વિકાસ પર ભારતની ચિંતા વ્યક્ત કરી હતી. તેઓએ પ્રાદેશિક મુદ્દાઓ અંગે ચર્ચા કરી.

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ એ આગાહી કરી છે કે ઉત્તરપશ્ચિમ ભારતમાં ચાલુ વરસાદની સાથે મધ્યમ વાવાઝોડાં, વીજળી, તોફાની પવનો અને કરા આગામી 24 કલાક સુધી ચાલુ રહેશે. અને તે પછી ઓછા થશે. આજે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં મધ્યમ વાવાઝોડા, વીજળી અને 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. જ્યારે, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં આજે 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડા, વીજળી અને તોફાની પવન સાથે છૂટાછવાયો વરસાદ રહેશે. આ દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું છે કે દિલ્હીમાં આજે હળવા વરસાદ સાથે સામાન્ય રીતે વાદળછાયું આકાશ જોવા મળશે.

## AFGHAN-FLOOD

અફઘાનિસ્તાનમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા ભારે વરસાદ અને પૂરને કારણે ઓછામાં ઓછા 33 લોકોના મોત થયા છે અને 27થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વરસાદ

અને પૂરને કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે. ઉલ્લેખનીય છે કે દેશના34 પ્રાંતોમાંથી 20 પ્રાંત ભારે વરસાદથી પ્રભાવિત થયા છે.

## IPL

IPL ક્રિકેટમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ વચ્ચે મેચ રમાશે.

દરમિયાન ગઈકાલે મુંબઈમાં રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને 20 રને હરાવ્યું હતું. આ પહેલા પ્રથમ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈકાલે સાંજે લખનૌ સુપર જાયન્ટ્સને આઠ વિકેટે હરાવ્યું હતું. કોલકાતાએ 162 રનનો ટાર્ગેટ માત્ર 15.4 ઓવરમાં મેળવી લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌએ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 161 રન બનાવ્યા હતા.

## Arrest of Chief Minister Kejriwal

સર્વોચ્ચ અદાલતે આજે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની કથિચ દારૂ નીતિ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારતી અરજી પર સુનાવણી કરશે. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તા કેસની સુનાવણી કરશે.